મોડાસાના ખુમાપુર નજીક

# ઘાસ ભરેલી ટ્રકમાં આગ લાગતા ઘાસચારો અને ટ્રક બળી ખાખ

**ઘાસ ભરેલ ટ્રકમાં રાત્રે ૧૨ વાગે ફાયરફાયટરે આગ કાબુ માં લીધી ફરીથી એજ ટ્રકમાં સવારે ૪ વાગે આગ ભભૂકી ઉઠી**



મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મોડાસા-હિંમતનગર રોડ પરથી પસાર થતી ઘાસચારો ભરેલી ટ્રકમાં ખુમાપુર-ભવાનપુર નજીક શોર્ટસર્કિટ કે પછી ભેદી રીતે લાગેલી આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી. ટ્રકમાં આગ લાગતા મોડાસા ફાયર ફાયટરની બે ટિમ તાબડતોડ ઘટનસ્થળે પહોંચી ભારે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યા બાદ ફરીથી એજ ટ્રકમાં વહેલી સવારે ૪ વાગે આગ ભભૂકી ઉઠતા ટ્રકમાં રહેલા ઘાસચારા સહીત ટ્રક પણ આગમાં સ્વાહા થઈ ગઈ હતી. ૪ વાગે ફાયર ફાયટરની એક ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ગોધરાથી બનાસકાંઠાના ડીસા પાલનપુર પોજરાપોળ ઘાસચારો ભરી જતી ટ્રકમાં મોડાસા નજીક આવેલા ખુમાપુર પાટિયા નજીક શોર્ટ-સર્કિટથી કે પછી ભેદી સંજોગોમાં આગ લાગતા ભારે અફડા તફડી મચી હતી. આ અંગે મોડાસા ફાયર ફાયટર ટીમને અમદવાદથી કોલ મળતા બે ટિમો ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ત્યાર બાદ ત્યાં જ ઉભેલી રહેલી એજ ટ્રકમાં બચેલા ઘાસચારામાં ફરીથી વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે આગ લાગતા ફાયર ફાયટરની ટીમને જાણ થતા પહોંચી આગ કાબુમાં લેવાનો પ્રયત્ન હાથ ધરાતા પહેલા ઘાસચારો અને ટ્રક બળીને આગમાં સ્વાહા થઈ ગયો હતો. ઘાસચારો ભરેલ ટ્રકમાં આગ લાગવાની ઘટનાથી રોડ પરથી પસાર થતો વાહનોનો કાફલો અટકી જતા ટ્રાફિક જમના દ્રશ્યો સર્જાયા હતા.

ઘાસચારો ભરેલ એકજ ટ્રકમાં બે વાર આગ લાગવાની ઘટનાથી લોકોમાં ભારે આશ્ચર્ય સાથે ઘાસચારો અને ટ્રક શોર્ટ શર્કિટથી લાગી કે પછી લગાડાઈ તે ગૂઢ રહ્સ્ય બની રહ્યું છે.

# ખેરાલુના સાગથળા ગામે જૂથ અથડામણ : નવને ઈજા

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના સાગથળા ગામે મોડી સાંજે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં નવ જેટલા વ્યક્તિઓ ઘાયલ થયા હતા. અથડામણ સમયે ઘટના સ્થળે પહોંચેલ પોલીસ પર ટોળાએ પથ્થરમારો કરતાં વિભાગીય પોલીસ અધિકારી અને એક પોલીસ કર્મચારીને ગંભીર ઈજાઓ થઈ હતી.

ખેરાલુ તાલુકાના સાગથળા ગામે પૂર્વ સરપંચના જૂથ દ્વારા ગામમાં જમીનની ફાળવણીના મુદ્દે ચાલતા વિવાદને કારણે ગઈકાલે મોડી સાંજે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. જેથી લોકોમાં ભય સાથે નાસભાગ મચી ગઈ હતી. ઉશ્કેરાયેલા ટોળાઓએ સામ સામે હૂમલા કર્યા હતા. જેમાં દ્વિચક્રી વાહનો, મકાનોને નુકશાન થયુ હતુ. તેમજ બંને જૂથોના નવ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. અથડામણમાં તલવાર, લાકડી, ધોકા જેવા હથિયારોનો છૂટથી ઉપયોગ થતાં સ્થિતિ વણસી હતી. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ સમયે ઉશ્કેરાયેલ ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં વિસનગર ડીવાયએસપી હરેશ દૂધાત તેમજ અન્ય એક પોલીસ કર્મચારીને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન પોલીસે બેકાબુ ટોળાને વિખેરવા માટે ટીયરગેસના ચાર સેલ છોડી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. હાલ પરિસ્થિતિ શાંત છતાં અજંપાભરી છે. પોલીસે ૨૫ જેટલા તોફાની તત્વોને પકડી પાડી કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આંતરીમાં બકરો ચોરી જવા બાબતે અદાવત રાખી હૂમલો કરતા બે સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૨

વિજયનગર તાલુકાના આંતરી ગામે રહેતા બે શખ્સોએ ત્રણ વર્ષ અગાઉ એક ઈસમને બકરો ચોરી ગયા હોય તે અંગેની ફરીયાદ ગામ લોકોએ કરી હતી તેની અદાવત રાખીને આ બંને શખ્સોએ થોડાક દિવસ અગાઉ ઝઘડો કરી ગડદાપાટુનો મારમારી ગંભીર ઈજા પહોંચાડતા એક જણનું મોત નિપજયુ હતુ. ત્યારબાદ આ અંગેની ફરીયાદ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે આંતરી ગામના ભરતભાઈ વેચાતભાઈ ભગોરાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ત્રણ વર્ષ અગાઉ તેમના ભાઈનો બકરો કેટલાક લોકો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ગામ લોકોએ તત્કાલિન સમયે ફરીયાદ કરી હતી. જેની અદાવત રાખીને ગામના મંગાભાઈ અરજણભાઈ ભગોરા અને બદાભાઈ મરતાભાઈ ભગોરાએ ગત તા. ૧૫ મે ના રોજ બંને જણાએ રમેશભાઈ નામના ઈસમને માથામાં પથ્થરો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

જેથી રમેશભાઈ ભગોરાનું તા. ૨૦ મેના રોજ મરણ થતા તે અંગે ભરતભાઈ ભગોરાએ મંગાભાઈ ભગોરા અને બદાભાઈ ભગોરા વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાં ફાયર વિભાગે વાગડને ગરમીથી બચાવવા પાણીનો છંટકાવ કર્યો



હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરમાં ફાયર વિભાગે વધુ ગરમીથી પરેશાન વાગડ પક્ષીઓને પાણીનો છંટકાવ કરી બચાવવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ટાવર ચોકમાં આવેલ પાલિકા સંચાલિત બગીચામાં વૃક્ષો પર રહેતા પક્ષી વાગડ (ચામરચીડિયા)ને દિન પ્રતિદિન વધુ પડતી ગરમીને કારણે ઝાડ પરથી નીચે પડીને મોતને ભેટે છે અને આ ગરમીમાં માનવી પણ શેકાઈ જતો હોય છે ત્યારે પક્ષીની તો વાત જ ક્યાં રહી તેને પણ ગરમીની અસર થતી હોય છે. જેન લઈને હિંમતનગર પાલિકાની ફાયર વિભાગે મંગળવારે બપોરે પાણીનો છંટકાવ કરી બચાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આમ ફાયર હિંમતનગરની આસપાસના ગામડામાં પણ ઝાડ પર રહેતા પક્ષીઓને ગરમીથી રાહત મળી રહે તે માટે પાણીનો છંટકાવ કરી જીવદયાની કામ પણ ફાયર ઓફિસર પ્રતાપસિંહ દેવડાની આગેવાની હેઠળ ફાયર વિભાગની આખીય ટીમ જીવદયા પ્રેમી અજયભાઈ દરજી સાથે મળી કામ કરી રહી છે. આમ ફરજ સાથે જીવદયાનું ઉત્તમ ઉદાહરણ ફાયર વિભાગ પૂરું પાડે છે.

## તરકવાડા ગામે ગોપાલદાસ બાપુનો સત્સંગ યોજાશે

મોડાસા, તા. ૨૨

મેઘરજ તાલુકાના તરકવાડા ગામે તા. ૨૭-૫-૨૦૧૮ રવિવારના રોજ પિલુન્દ્રા સત્ય સનાતન આશ્રમના સદ્‌ગુરૂ શ્રી ગોપાલદાસબાપુ દ્વારા ભજન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તેમના સત્સંગમાં શુદ્ધ અને સારૂ જીવન જીવવા માટે સોનેરી વાક્યો સાંભળવા મળશે. બાહ્ય આડંબર કરીને ખોટો દેખાવ કરનારા માટે સાંભળવા લાયક સત્સંગમાં અવશ્ય આવવા આમંત્રણ છે. તરકવાડા ગામના યુવાનો દ્વારા આ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫.૩૦ કલાકે મહાપ્રસાદ, ૭ વાગે સામૈયુ, ૭.૩૦ વાગે પૂજન આરતી અને ૯ કલાકે ભજન સત્સંગ છે જેથી લાભ લેવો જરૂરી છે.

## પ્રાંતિજ ખાતે મુસ્લિમ સમાજ દ્વારા ગરીબ પરીવારોને કાચા ભોજનની કિટનુ વિતરણ

**વિધવા બહેનો તથા જરૂરીયાતમંદોને એક મહિનાનું સીધુ આપવામાં આવ્યું**




પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ વ્હોરવાડમાં ખાતે મોહદિસે આઝમ મિશન પ્રાંતિજ શાખા દ્વારા જરૂરીયાતમંદોને કાચા સિધાની કિટ બનાવી વિતરણ કરવામાં આવી હતી.

હાલ ગુજરાત સહિત જિલ્લામાં મુસ્લિમ સમાજનો પવિત્ર તહેવાર એટલે કે રમઝાન માસની શરૂઆત થઈ ગઈ છે અને આ રમઝાન માસમાં દાન તે ઉત્તમ દાન હોવાથી મુસ્લિમ સમાજના લોકો દ્વારા પવિત્ર રમઝાન મહિનામાં રોઝાની સાથે દાન પણ કરતાં હોય છે તો પ્રાંતિજ ખાતે મોહદિસે આઝમ મિશન પ્રાંતિજના પ્રમુખ સૈયદ મોઈકબાલ બાપુ અશરફી ના હસ્તે તથા પ્રાંતિજ ની વિવિધ મસ્જિદોના ઈમામોની ઉપસ્થિત મા જરૂરીયાત મંદો વિધવા તથા ગરીબોને રેશનની કિટ વિતરણ કરવામાં આવી હતી તો આ પ્રસંગે ઉપપ્રમુખ હાજીઅફજલ હુશેન એ. દાણાવાલા, મુન્શીભાઈ, ફારૂકભાઈ ભુરાવાલા, રમીજભાઈ છાલોટીયા તેમજ મોહદિસે આઝમ મિશન પ્રાંતિજના કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા પૂર્વક પાર પાડ્યો હતો.

## મોડાસામાં બાઈક ઉઠાંતરી કરતી લબરમૂછિયા ગેંગ સીસીટીવી કેમેરામાં કેદ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં બાઈક ઉઠાંતરી કરતી ગેંગ સક્રિય થતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી હરિઓમ સોસાયટીમાંથી ૫ લાંબરમૂછિયા યુવાનોની ગેંગે ૨ બાઈકની ઉઠાંતરી કરી ફરાર થઈ જવાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જાણે બાઈક ચોર ગેંગને ખાખી વર્દીનો કોઈ ખોફ જ ન હોય તેમ બિન્દાસ્ત બે બાઈકને ધક્કા મારતા મારતા લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગના નામે પોકળ દાવાઓ કરતી હોય તેવું મોડાસા શહેરના પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. બાઈક ચોરીની ઘટનાની જાણ પોલીસે તંત્રને થતા દોડી આવી સીસીટીવી કેમેરાના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. અરવલ્લી જીલ્લા સહીત




મોડાસા શહેરમાં બાઈક ચોર ગેંગને ઝડપવામાં પોલીસતંત્ર નિષ્ફળ રહેતા બાઈક ચોર બેફામ બની બાઈક ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે મોડાસા શહેર ચોર, લૂંટારુઓ અને તસ્કરો માટે સ્વર્ગ સમાન હોય તેમ ચોરી, લૂંટની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે બાઈક ચોરીની ઘટના તો રોજ બરોજ બની રહી છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી હરિઓમનગર સોસાયટીમાં સોમવારે રાત્રીના ૩ વાગ્યાના સુમારે ૫ લબરમૂછિયા બાઈકની તસ્કરી કરતી ગેંગ બેખોફ બની સોસાયટીમાં પ્રવેશી ભાવેશભાઈ પટેલની સ્પ્લેન્ડર પ્લસ બાઈક અને સિંધી પરિવારની એક બાઈકની ઉઠાંતરી કરી ધક્કા મારતા મારતા રોડ સુધી લઈ જઈ તસ્કરી કરી ફરાર થઈ જતા સમગ્ર ઘટના સોસાયટીના એક રહીશ ઘરે લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. હરિઓમનગર સોસાયટીમાંથી બે બાઈક ઘર આગળથી ઉઠાવી હોવાની જાણ થતા ભારે દેકારો મચી ગયો હતો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બાઈક ચોરીની ઘટના અંગે પોલીસ તંત્રને જાણ થતા સોસાયટીમાં દોડી આવી સીસીટીવી કેમેરા રેકોર્ડિંગના ફૂટેજ મેળવી બાઈકચોર ગેંગને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે બાઈકચોરી અંગે ફરિયાદ નોંધાઈ ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## ઊંઝામાં કેફી પીણું પીવડાવી સગીરા પર દુષ્કર્મની ફરિયાદ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા ખાતે ભાડેથી રાખેલ મકાનમાં રહેતા નજીકના જ ગામના એક શખ્સે ગરીબ પરિવારની સગીરવયની દિકરીનું અપહરણ કરી ઘેર લઈ જઈ કેફી પીણુ પીવડાવી બેભાન અવસ્થામાં વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવા બાબતે સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિગત એવી છે કે, ઊંઝા શહેરમાં રહેતા એક શ્રમિક ગરીબ પરિવારની સગીરવયની દિકરી એક સોસાયટીમાંથી સફાઈકામ કરીને પરત ઘરે જઈ રહી હતી ત્યારે માર્ગમાં એકટીવા લઈને આવેલ નજીકના ઐઠોર ગામના એક શખ્સે સગીરાને ધાક-ધમકીઓ આપી જારકર્મ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કર્યુ હતુ. આ શખ્સ ભાડેથી રાખેલ એક મકાનમાં સગીરાને લઈ ગયો હતો. જ્યાં ખાવા પીવાની ચીજવસ્તુઓમાં કેફી પીણુ ભેળવી તેણીને ખવડાવી પીવડાવી બેભાન અવસ્થામાં વારંવાર દુષ્કર્મ આચર્યુ હતુ.

આ બનાવ અંગે સગીરાના વાલીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે દર્શન મહેન્દ્રભાઈ પટેલ મૂળ રહે. ઐઠોર હાલ ઊંઝા વિરૂદ્ધ અપહરણ, બળાત્કાર, પોસ્કો અન્વયે ગુનો દાખલ કરતાં મહેસાણા એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપીએ તપાસ હાથ ધરી છે.

## મોટી ઈસરોલ તળાવની મુલાકાત લેતા પ્રભારી મંત્રી



મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ફુટા તેમજ ટીટોઈના મેરાજિયા તળાવનું નિરીક્ષણ કર્યા પછી મોટી ઈસરોલ ગામ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત હાઈવે તળાવ ઊંડુ કરવાના કામનું પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે ઓચિંતી સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે આ અભિયાનમાં લોકભગીદારીથી થતા કામોમાં અત્યાર સુધીમા જિલ્લામાં તમામ તાલુકાઓમાં ૧૫૪ તળાવો સહિતના કામો પૂર્ણ થયા છે. જે તે જિલ્લામાં હાલ ૪૦૧ કામો પ્રગતિમાં છે તેમ જણાવી તેમણે જળ સંચય થતા ભવિષ્યમાં કૃષિક્ષેત્રે સિંચાઈનો વ્યાપ વધશે અને ઉત્પાદન વૃદ્ધિમાં મદદ થશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

મંત્રીની સાથે જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, આ અભિયાનના જિલ્લા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ નીલાબેન મડિયા, જિલ્લા મંત્રી મણીભાઈ પટેલ, મોડાસા મંડલ પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકીતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, મહિલા મોરચા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, મહામંત્રી લલિતાબેન પટેલ, ડૉ. સેલ કન્વિનર ડૉ. ઘનશ્યામભાઈ શાહ, ભીખુસિંહ પરમાર, અદેસિંહ ચોહાણ, તથા મંડલના કાર્યકર્તા હોદ્દેદારો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લામાં મેડિકલ કોલેજ આવવાથી શૈક્ષણિક ક્રાંતિ સર્જાઈ છે : હરિભાઈ ચૌધરી




પાલનપુર, તા. ૨૨

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મળ્યા બાદ ભવિષ્યના આયોજન માટે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને અને ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં જિલ્લાની દૂધ મંડળીઓના ચેરમેનશ્રી/મંત્રીશ્રીઓની મિટિંગ બનાસ ઓઈલ યુનિટ, બાદરપુરા ખાતે યોજવામાં આવી હતી.

બેઠકને સંબોધન કરતાં ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરીએ કહ્યું હતું કે બનાસ ડેરીએ ગલબાકાકાની જન્મ શતાબ્દી વર્ષ ઉજવણી કરી છે તેમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મળવાથી બનાસકાંઠાનું ગૌરવ વધ્યું છે. બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીને અનેક મુશ્કેલીનો સામનો કરીને પણ બનાસ મેડિકલ કોલેજની મંજૂરી લાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

બનાસકાંઠામાં એન્જિયરિંગ કોલેજ, સાયન્સ કોલેજ અને હવે ગલબાકાકાના નામે બનાસ મેડિકલ કોલેજની શુભ શરૂઆત થવા જઈ રહી છે તે આપણા સૌના માટે આનંદની વાત છે. તેઓએ એવી ખાતરી આપી હતી કે બનાસ મેડિકલ કોલેજ માટે દાન આપવા અને લાવવામાં કોઈ પ્રકારે કચાશ રાખવામાં આવશે નહીં. બનાસ મેડિકલ કોલેજથી શૈક્ષણિક ક્ષેત્રે પણ મોખરાનું સ્થાન પ્રાપ્ત કરશે અને જિલ્લામાં શૈક્ષણિક ક્રાંતિ સર્જાશે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ સંચાલિત બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મળી છે તે બનાસકાંઠા માટે ઐતિહાસિક ઘટના છે. મેડિકલ કોલેજની મંજૂરી લાવવા માટે અનેક સંઘર્ષ કરવા પડ્યા પરંતુ બનાસ ડેરીનું નિયામક મંડળ પડખે ઉભ્રું રહેવાથી અને બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોના આશીર્વાદનાં લીધે આટલી મોટી સફળતા મળી છે એટલે તેનો તમામ શ્રેય હું દૂધ ઉત્પાદકોને આપું છું.

## મોડાસાની વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ ન મળતાં રજુઆત

સાકરીયા, તા. ૨૨

સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાવોના અભિયાન હેઠળ મસમોટી જાહેરાતો કરવામાં આવે છે. પરંતુ તેનો અમલ યોગ્ય રાહે થતો નથી.

જેના કારણે સરકાર બદનામ થતી હોય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા નગરના લઘુમતી વિસ્તાર સૈયદવાડા પાસે રહેતી આતેકાબાનુ ઉસ્માનમીયાં મલેક શિષ્યવૃત્તી માટે ઓનલાઈન ફોર્મ ભરવા છતાં બેંક ઓફ ઈન્ડિયા મોટાસા શાખામાં રકમ જમા થયેલ નથી. મોડાસા પી.ટી. સાયન્સ કોલેજમાં એસવાયબીએસસીના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી નથી. મોટાભાગની વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ જમા થતાં ૫૦ ટકા શિષ્યવૃત્તિ બાકાત રાખવામાં આવે છે. શિષ્યવૃત્તિ મેળવવા રાજ્યના મહેસુલમંત્રી, મહેસુલ સચિવ અને સમાજ કલ્યાણ અધિકારીને તા. ૧૬-૪-૧૮ના રોજ લેખિત અરજીઓ કરી જાણ કરવા છતાં આજદિન સુધી યોગ્ય પ્રત્યુત્તર મળેલ નથી. ના છુટકે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આ બાબતે રજુઆત કરાયેલ છે. હાલ તો આ માટે વિદ્યાર્થિની રાહ જોઈ રહી છે.

## પ્રાંતિજના દલપુર પાસે લકઝરીએ બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના દલપુર પાસે મોડી સાંજે લકઝરી ચાલકે બાઈક ઉપર જઈ રહેલ બાઈક ચાલક ને ટકકર મારતાં બાઈક ચાલક ને માથા ભાંગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચતા બાઈક સવાર ને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં જયાં સારવાર દરમ્યાન બાઈક ચાલક નું મોત નિપજ્યું હતું.



મળતી માહિતી મુજબ પ્રાંતિજના દલપુર ચોકડી પાસે રાત્રીના સમયે નેશનલ હાઈવે આઠ ઉપર લકઝરી બસ RJ27PC0255નો ચાલક પોતાના કબજાની લકઝરી બસ ફુલફાસ્ટ ઝડપે બેકારજી રીતે હંકારી લાવી બાઈક ઉપર જઈ રહેલ દલપુરના પૂર્વ સરપંચ જસવંતસિંહ પરમારને ટક્કર મારી અડફટે લેતાં તેવો ને માથાના ભાંગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેવો ને ૧૦૮ મારફતે હિંમતનગર મેડીસ્ટાર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં પણ વધુ સારવાર મળે તે પહેલાં બાઈક ચાલક જસવંતસિંહ પરમારનુ મોત નિપજ્યું હતું. પોલીસે લકઝરી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથધરી છે.

